હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

બાબાજી, ચ્હાવાળા તો... ત્યાં છે !!... અને તમે બિસ્કીટ બનાવશો... તો... ચ્હા વગર બિસ્કીટ કોણ ખાશે ?

શહેરમાં લગ્નસરાની મોસમનો પ્રારંભ

૧૪મી ડિસેમ્બર સુધી અસંખ્ય લગ્નો : હોલ, પાર્ટી પ્લોટમાં ચહલપહલ

ગાંધીનગર, તા. ૨૩

દેવ ઉઠી અગિયારસ બાદ લગ્નોની મોસમ શરૂ થઈ ચુકી છે. ૧૪મી ડિસેમ્બર સુધી એટલે કે લગભગ વીસેક દિવસ દરમ્યાન શહેરમાં ઘણા બધા લગ્નો યોજાશે. લગ્નોના મુહૂર્ત ઓછા હોવાથી ઘણાને તો દિવસમાં બે-ત્રણ લગ્નોના આમંત્રણ મળ્યા છે.

છેલ્લા ઘણા મહિનાઓથી કમુરતાના કારણે લગ્નાદિ કાર્યો જેવા શુભ કાર્યો બંધ થઈ ગયા હતા. દેવઉઠી અગિયારસે તુલસી વિવાહ બાદ લગ્નોની સીઝન ફરીથી શરૂ થતાં ચહલપહલ વધી છે. ૧૫મી ડિસેમ્બરે ફરીથી કમુરતા શરૂ થાય તે પહેલા ઘણા બધા લગ્નો સહેરમાં યોજાશે. લગભગ વીસેક દિવસ સુધી લગ્નો મુહૂર્ત હોઈ આ સમયગાળા દરમ્યાન શહેરના ઘણા બધા યુવાનો લગ્નના બંધનમાં બંધાઈ જશે. અગિયારસથી જ લગ્નો અને તેની સાથે જોડાયેલા વિવિધ પ્રસંગોનો પ્રારંભ થઈ ચુક્યો છે. અત્યાર સુધી એકદમ નવરા બેઠેલા કેટરર્સ, ડેકોરેટર્સ પાસે એટલુ બધુ કામ આવી પહોંચ્યું છે કે તેઓ પાસે શ્વાસ લેવાનોય સમય નથી. લગ્ન કરાવનાર ગોર મહારાજ, ડીજે પાર્ટી, બેન્ડવાજા વાળાઓની ડિમાન્ડ પણ ખુબ વધી છે. હોટલો, રેસ્ટોરન્ટ પણ જમણવાર માટે બુક થઈ રહી છે. કોમન પ્લોટથી લઈને હાઈવે પર આવેલા પાર્ટીપ્લોટ્સમાં લગ્નોની ધૂમ એક મહિનો જેટલુ જોવા મળશે. નવરાત્રીમાં સાંભળવા મળેલા ગરબાની ગુંજ ફરીથી સાંભળવા મળશે. આ વખતે લગ્નોના મુહૂર્ત ઓછા હોવાથી એક દિવસમાં ઘણાબધા લગ્નો યોજાય છે. શનિ-રવિની રજા દરમ્યાન તો ભરચક લગ્નો નિરધાર્યા છે. મુહૂર્ત ઓછા હોવાથી ઘણાને તો છેક ૧૪મી ડિસેમ્બર સુધીના લગભગ રોજના એકાદ-બે આમંત્રણ મળ્યા છે. ક્યાં જવુ અને ક્યા પ્રસંગને ટાળવુ તે મોટો પ્રશ્ન બની ગયો છે. અત્યાર સુધી શુષ્ક રહેલુ વાતાવરણ લગ્નોની સીઝન શરૂ થતાં જ એકાએક જ જીવંત બની ગયું છે.

ખૂણે ખાંચરેથી...

- જિલ્લામાં ચૂંટણી પ્રચાર અભિયાને આજથી વેગ પકડ્યો છે. વિપક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલાએ ગાંધીનગર તાલુકામાં સભા સંબોધી તો ભાજપના પૂર્વ સાંસદ હરિન પાઠક દહેગામ તાલુકામાં આજે પ્રચાર અભિયાનમાં જવાના છે.
- મહાનગરપાલિકાની ચૂંટણીમાં મતદારયાદીઓના છબરડાઓને લઈ હવે મતદારયાદી સહિતના માઈક્રોપ્લાનીંગ માટે ઉમેદવારો સતર્ક બન્યા છે.
- જિલ્લામાં ચૂંટણી પ્રચારની સાથે સાથે સારી ગુણવત્તાના ચવાણાની અછત ઉભી થવા પામી છે.
- દેવદિવાળીનું પર્વ નજીક આવતુ હોવાથી ગ્રામ્ય માતાના દર્શને પગપાળા જવાનું મહત્વ વધી રહ્યું છે. જિલ્લામાંથી આવા પદયાત્રીઓ મોટી સંખ્યામાં પસાર થઈ રહ્યા છે.
- ગાંધીનગર શહેરના ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો જિલ્લા પંચાયતની વિવિધ બેઠકોના પ્રચારકાર્યમાં જોડાઈ ગયા છે.
- શહેરમાં લગ્નની મોસમનું પણ ધીમી ગતિએ આગમન થઈ ચુક્યું છે.

ખોરજમાંથી કમળાના વધુ બે કેસ મળ્યા

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર તાલુકાના ખોરજ ગામમાંથી આજે વધુ બે કમળાના કેસ મળી આવ્યા છે.

આજે જિલ્લાના આરોગ્ય અધિકારી તેમજ રોગચાળા નિયંત્રણ અધિકારી સહિતના અધિકારીઓની ટીમ ખોરજની મુલાકાત લીધી હતી. પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનું તંત્રના અધિકારીઓએ જણાવ્યું છે અને જણાવ્યું હતું કે દર્દીઓ મળ્યા હતા તેમની તબિયત સુધારા પર છે. ગામમાં પાણીના લિકેજીસ જે એક-બે મળ્યા હતા તે દુરસ્ત કરી દેવામાં આવ્યા છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ પાણી લિકેજીસને પગલે જ આ રોગચાળાની સ્થિતિનું નિર્માણ થયું હતું. લિકેજીસ દૂર થઈ જતાં હવે પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે.

બંધારણ અંગે જાગૃતિ માટે ૨૬મીએ 'બંધારણ દિવસ' તરીકે ઉજવાશે

શૈક્ષણિક સંકુલો - સરકારી કચેરીઓમાં બંધારણના આમુખનું વાંચન, નિબંધ સ્પર્ધા અને ચર્ચા સત્રો યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

૨૬ નવેમ્બર-૧૯૪૯ના રોજ બંધારણ સભાએ બંધારણનો સ્વીકાર કર્યો હતો. બંધારણ અંગેની જાગૃતિ માટે તાલુ વર્ષે સમગ્ર દેશમાં ૨૬ નવેમ્બરને બંધારણ દિવસ તરીકે વિવિધ રીતે ઉજવવાનું કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરાયું છે.

ગુજરાતમાં પણ બંધારણ અંગે જાગૃતિ માટે સમગ્ર રાજ્યમાં બંધારણ દિવસની ઉજવણી કરવામાં આવેએ માટે સામાન્ય વહીવટ વિભાગ દ્વારા સંબંધિત શૈક્ષણિક સંસ્થાઓ-કચેરીઓને અનુરોધ કરવામાં આવ્યો છે.

કેન્દ્રના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા સમગ્ર દેશના તમામ શૈક્ષણિક સંકુલો અને સરકારી કાર્યાલયોમાં બંધારણના 'આમુક' (વર્તમાન છે તે પ્રમાણે)નું પઠન કરવાનો નિર્ણય લેવાયો છે. 'આમુખ'ના પઠન ઉપરાંત બંધારણ દિવસની ઉજવણીમાં મોક પાર્લામેન્ટ, નિબંધ, ચર્ચા સ્પર્ધા અને વક્તવ્ય જેવી પ્રવૃત્તિઓનું પણ આયોજન કરવાનું રહેશે. જેથી રાજ્યભરની કોલેજો અને યુનિવર્સિટીના વિદ્યાર્થીઓમાં બંધારણ અંગેની જાગૃતિમાં પણ વધારો થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, દેશમાં હાલ ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી રહી છે ને આ નિમિત્તે પણ અનેકવિધ કાર્યક્રમો રાજ્યની માફક દેશમાં યોજાઈ રહ્યા છે. ડૉ. બાબાસાહેબ આંબેડકરના નેતૃત્વ હેઠળની મુસદ્દા સમિતિએ પ્રજાજનની સેવામાં દેશે બંધારણ અર્પણ કર્યું હતું. જેને ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ અપનાવવામાં આવ્યું હતું. દેશના નાગરિકો માટે ન્યાય, સ્વતંત્રતા, એકતા અને ભાઈચારો સુનિશ્ચિત કરતા આમુખ સાથે બંધારણની જોગવાઈ કરવામાં આવી હતી. દર વર્ષે ૨૬મી નવેમ્બરને બંધારણ દિવસ તરીકે ઉજવવાનો પણ કેન્દ્ર સરકાર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

પગપાળા સંઘ : અમદાવાદથી મહાકાળી માતાનાં દર્શન માટે દેવડા પગપાળા જવા નીકળેલા યુવાનો સોમવારે ગાંધીનગરમાંથી પસાર થયા ત્યારે આ તસવીર લેવામાં આવી હતી. **(તસવીર : કશ્યપ નિમાવત)**

ચૂંટણી બંદોબસ્ત માટે હોમગાર્ડઝને હાજર થવા આદેશ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લા હોમગાર્ડઝની કચેરી દ્વારા હોમગાર્ડઝ સભ્યોને તા. ૨૯ નવેમ્બરના રોજ જિલ્લામાં યોજાનાર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની ફરજમાં પોલીસની મદદમાં કાયદો અને વ્યવસ્થા જાળવણીની કામગીરી માટે હાજર કરવાના હોઈ જિલ્લાના તમામ હોમગાર્ડઝ સભ્યોએ તા. ૨૭ નેવમ્બરના રોજ સવારે ૭.૦૦ કલાકે બિન-ચુક ફરજ ઉપર હાજર થવા જણાવવામાં આવ્યું છે.

ફરજ પર હાજર ન રહેનાર હોમગાર્ડઝ સભ્યોને નિયમો અનુસાર દળમાંથી છુટા કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની નોંધ લેવા કચેરી દ્વારા જણાવવામાં આવ્યું છે.

રાજ્યમાં મહાનગરોના મતદાનના આંકડાઓ પર હાર-જીતની શરતો

ગાંધીનગર, તા. ૨૩

રાજ્યની ૬ મહાનગર પાલિકાઓની ચૂંટણીઓ ગઈકાલે સંપન્ન થયા બાદ આજે ભાજપના પ્રદેશ નેતાઓ દ્વારા મતદાનના આંકડાઓનું ગણિત માંડીને હાર જીતના વિશેષણ કરવામાં વ્યસ્ત બન્યા છે.

અમદાવાદ સહીત રાજ્યની ૬ મહાનગરપાલિકાઓની ગઈકાલે ચૂંટણી યોજાઈ હતી. જેમાં ૪૬.૨૩ ટકા મતદાન નોંધાવા પામ્યું હતું. જે ગત ચૂંટણીમાં થયેલ મતદાન કરતાં વધુ છે. આ વખતે પાટીદાર સમાજ અનામતની માંગ સાથે ભાજપ સરકાર સામે આંદોલન છેડ્યું હતું. જેના કારણે ભાજપ માટે કપરા ચઢાણ બન્યા હતા.

ગઈકાલે ૬ મહાનગર પાલિકાની યોજાયેલી ચૂંટણીમાં થયેલ મતદાનમાં અમદાવાદ મહાપાલિકાના કયા વોર્ડોમાં કેટલુ મતદાન થયું છે, કયા વોર્ડોમાં કઈ જ્ઞાતિના મતદારોનું પ્રભુત્વ હતુ. આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને આ વોર્ડોમાં થયેલ મતદાનના આંકડાને આધારે ભાજપને કેટલી બેઠકો પર વિજય મળશે તે અંગેનું વિશેષણ કરીને હાર જીતના ગણિત માંડવામાં પ્રદેશ નેતાઓ વ્યસ્ત બન્યા છે.

આજ રીતે કોંગ્રેસના નેતાઓ પણ કોંગ્રેસને કેટલો લાભ થશે અને કેટલી બેઠકો પર જીત મળશે કેટલી મહાપાલિકામાં સત્તા બનાવી શકીશુ એ અંગેના ગણિત માંડવામાં વ્યસ્ત બન્યા છે.

હાલ તો ભાજપ અને કોંગ્રેસ બન્ને પક્ષો જીતના દાવા કરી રહ્યા છે પરંતુ કોનો વિજય થશે અને કોનો પરાજય તે તો ૨૭મી ડિસેમ્બરે પરિણામો જાહેર થાય પછીજ ખ્યાલ આવશે.

સેક્ટર-૬બીમાં વીજપોલ પાંચ દિવસથી તૂટેલી હાલતમાં

સેક્ટર-૬ બીમાં મુખ્ય શોપીંગ સેન્ટરની પાછળ પ્લોટ નં. ૧૪૩/૧ પાસે ઊભેલો વીજપોલ પાંચ દિવસ અગાઉ વાંદરા દ્વારા તોડી નાંખવામાં આવ્યા બાદ સ્થાનિક રહેવાસી દ્વારા આ અંગે વીજ કંપનીને દરરોજ ફરિયાદ કરવામાં આવી હોવા છતાં આ વીજપોલ અંગે દુર્લક્ષ સેવવામાં આવી રહ્યું છે. (તસવીર : કશ્યપ નિમાવત)

અમદાવાદ મનપામાં ભાજપ બાજી મારી જશે : સટ્ટાબજાર

અમદાવાદમાં ભાજપ ફરી જીતશે તેના ઉપર ૫૪ પૈસા અને કોંગ્રેસ ઉપર દોઢ રૂપિયાનો ભાવ બોલાયો છે

અમદાવાદ, તા.૨૩

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચુંટણીમાં કોણ બાજી મારશે તેને લઈને ચિત્ર બીજી ડિસેમ્બરના દિવસે સ્પષ્ટ થશે પરંતુ સટ્ટાબજાર સક્રિય થઈ ગયું છે. સટ્ટાબજારની વાત પર વિશ્વાસ કરવામાં આવે તો ભાજપને નુકશાન થશે પરંતુ તે ફરીથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સત્તારુઢ થઈ જશે. ભાજપ સત્તારુઢ થવા માટે ૫૪ પૈસાનો ભાવ બોલાઈ રહ્યો છે, જયારે કોંગ્રેસ ઉપર દોઢ રૂપિયાનો બોલાઈ રહ્યો છે. વર્ષ ૨૦૧૦માં અમદાવાદ મ્યુનિ.ની ૧૯૧માંથી ૧૫૧ બેઠકો જીતીને જોરદાર જીત મેળવનાર ભાજપ માટે આ વખતે કપરાં ચઢાણ હોવાનું ચિત્ર ઉપસી રહ્યું છે. એક વર્ગ ભાજપનો સફાયો થશે તેમ માને છે. પરંતુ, બુકી બજાર એવું તારણ વ્યક્ત કરતી આવી છે કે, ગ્રામ્ય વિસ્તાર કરતાં શહેરી વિસ્તારમાં ભાજપને ઓછું નુકસાન પહોંચશે.

બુકી બજારના મતે શહેરોમાં ભાજપને ૩૦થી ૩૫ ટકા નુકસાન પહોંચી શકે છે. અમદાવાદમાં પણ આ જ સ્થિતિ જળવાઈ રહે તો ભાજપ અમદાવાદ મ્યુનિ.માં ૧૧૦ થી ૧૨૦ બેઠકો મેળવી શકે છે. તેવી ધારણા બુકીઓ મતદાનનાં થોડા જ કલાકો પહેલાં શુક્રવારે વ્યક્ત કરી રહ્યા છે. બુકી બજારના સુત્રો કહે છે કે, પાટીદાર ઈફેક્ટ દેખાય છે. તેટલી અસર નહીં કરે. અનેક વોર્ડમાં પેનલ તૂટી શકે છે. તો, પૂર્વ અને પશ્ચિમના ૧૦-૧૨ વોર્ડમાં કોંગ્રેસનો પંજો ફરી વળે તેવી શક્યતા વધુ છે. શહેરના પશ્ચિમ અને નવા પશ્ચિમ વિસ્તારના મોટા ભાગના વોર્ડમાં ભાજપનો દબદબો જળવાઈ રહે તેવી શક્યતા જોવાઈ રહી છે. ભાજપ અને કોંગ્રેસ વચ્ચે કોર્પોરેશનની ચુંટણીમાં મુખ્ય સ્પર્ધા છે. ભાજપને કેટલીક જગ્યાએ નુકશાન થઈ શકે છે. પશ્ચિમ અને નવા પશ્ચિમ ઝોનમાં ભાજપના દબદબા પર અસર થઈ શકે છે.

અમદાવાદમાં રાતોરાત લાખ મતદારોનાં નામ રદ થતાં રોષ

અમદાવાદ, તા.૨૩

૨૨મી નવેમ્બરે ૬ મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં જે રીતે મતદાતાઓને મતદાન કરવા માટે પારાવાર હાલાકી અને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો સાથોસાથ માત્ર અમદાવાદમાં જ ૧ લાખ કરતાં વધુ મતદાતાઓના નામ રોતારાત કમી કરવાની ઘટના દર્શાવે છે કે, રાજ્યનું ચૂંટણી પંચ ભાજપ સરકારનું વાંજિત્ર બનીને પોતાની બંધારણીય ફરજો બજાવવામાં સંપૂર્ણપણે નિષ્ફળ નીવડ્યું છે. તેવી વિગતો આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા તા. ૨૦મીના રોજ અખબારી યાદીમાં ૬ મહાનગરો માટે મતદારોની સંખ્યા સત્તાવાર જાહેર કરી હતી. જેમાં અમદાવાદમાં કુલ ૩૯૮૩૫૮૯ મતદારો હતા.

ત્યાર બાદ તા. ૨૨મીના રોજ સાંજ રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા જાહેર કરવામાં આવેલ કુલ ૩૮૭૯૭૭૧ મતદારો એટલે કે, ૧૦૩૮૧૮ જેટલા મતદારોનો ઘટાડો નોંધાયો છે. આજ આંકડાઓ દર્શાવે છે કે, ૨૪ કલાકમાં ૧ લાખ કરતાં વધુ મતદારોના નામ કમી કઈ રીતે થયા અને આ મતદારોના નામ કમી કરવા માટે કાવત્રામાં કોણ કોણ સામેલ છે તે તપાસનો વિષય છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા શરૂઆતથી જ જે કામગીરી કરવામાં આવી તે મતદારોને મતદાન કરવા માટે પ્રોત્સાહિત કરવાને બદલે નિરાશ કરે તે પ્રકારની રહી છે.

મતદાર સ્લીપો ન આપવી મતદાન મથકો અંગે માહિતી પ્રસિધ્ધિમાં વિલંબ, અપૂરતી વિગતો, મતદાન પ્રક્રિયામાં જોડાયેલા કર્મચારીઓને મતના અધિકારથી વંચિત રાખવા અને મતદાનના દિવસે સત્તાવાર ઉમેદવારોને અપાયેલ મતદાર યાદીઓમાં નામ હોવા છતાં મતદાર મથકમાં અધિકારીઓ પાસેથી યાદીઓમાં લાલ સ્કેચપેનથી નામો કોઈ પણ પ્રકારની પ્રક્રિયા વિના રદ કરવાની ઘટના દર્શાવે છે કે, રાજ્ય ચૂંટણી આયોગ ભાજપ સરકારના આદેશથી ભેદભાવ પક્ષપાત ભરી ગેરબંધારણીય કામ કરી રહ્યું છે. ૨૨મી નવેમ્બરે ૬ મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં જે રીતે મતદાતાઓને મતદાન કરવા માટે પારાવાર હાલાકી અને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો સાથોસાથ માત્ર અમદાવાદમાં જ ૧ લાખ કરતાં વધુ મતદાતાઓના નામ રોતારાત કમી કરવાની ઘટના સહિત અનેક બાબતોએ નાગરિકોના મૂળભુત અધિકાર - મતાધિકાર થી વંચિત રાખવાના કાવત્રા અને જે પ્રકારે ૬ મહાનગરપાલિકામાં ભાજપ સરકારનો હાથો બની રાજ્ય ચૂંટણી આયોગે કરેલ ગેરબંધારણીય કામગીરીનું આગામી તા. ૨૯ની તારીખે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકાની ચૂંટણીમાં પુનરાવર્તન ન થાય તે માટે કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ પદાધિકારીઓનું એક પ્રતિનિધી મંડળ વિસ્તૃત રજુઆત માટે રાજ્ય ચૂંટણી આયોગને રજૂઆત કરશે.